GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# પ્રભુદાસ પટેલની ટૂંકીવાર્તા 'ઉજાસ' માં પ્રગટતી ગ્રામચેતના

**Hitesh Modi**

hiteshvmodi@gmail.com
Phone : 9428730601
Postal Address : government Arts and Commerce College,Gambhoi,Sabarkantha

## પ્રસ્તાવના

અનુઆધુનિક ગાળાના મહત્વના સર્જક પ્રભુદાસ પટેલએ 'વન્યરાગ' અને ' દેવચકલી ' એમ વાર્તાસંગ્રહ આપ્યા છે. બંને વાર્તાસંગ્રહ માં અનુક્રમે ૧૫ અને ૧૩ એમ કુલ ૨૮ ગ્રંથસ્થ છે.આ વાર્તાઓ સુરેશ જોષી સાહિત્ય ફોરમમાં ચર્ચાના એરણે ઘડાઈ છે અને વિવિધ સામયિકોમાં પ્રકાશિત થયેલી છે.સર્જક પોતે જ્યાં જન્મ્યા-વિકસ્યા તે ઉત્તર ગુજરાતના વિજયનગર તાલુકાના ગ્રામીણ આદિવાસી પરિવેશ તેમની વાર્તાઓમાં છે.

**ટૂંકીવાર્તા 'ઉજાસ' માં પ્રગટતી ગ્રામચેતના**

પ્રભુદાસ પટેલનો પહેલા વાર્તાસંગ્રહ 'વન્યરાગ' ઈ.સ.૨૦૧૪માં પ્રકાશિત થયો છે, જેમાં કુલ ૧૫ વાર્તાઓ ગ્રંથસ્થ છે. સર્જકે પોતાના પ્રાસ્તાવિક લેખ 'મથામણનો આનંદ' માં જણાવ્યું છે [૧] -

"ઉત્તર ગુજરાતની ઉત્તર પૂર્વે અરવલ્લીની ગિરિમાળાઓમાં પથરાટ પામેલો વિજયનગર તાલુકો એ મારું રમણક્ષેત્ર જીવનક્ષેત્ર છે. જ્યાં જન્મ્યો , ઉછર્યો, ભણ્યો- જોયું- જાણ્યું ને અનુભવ્યું અને આજેય મોટેભાગે એ જ પરિવેશમાં શ્વસવાનું સદ્ભાગ્ય સાંપડ્યું છે. સદ્ભાગ્ય એટલા માટે કે એ ભૂમિ નર્યો પ્રાકૃતિક પરિવેશ અને તેમાં વસતા લોકોની વિશિષ્ટને વિભિન્ને પરંપરાઓને માણવાનું મહાસુખ !"

સર્જક પોતે જ્યાં જન્મ્યા-વિકસ્યા તે ઉત્તર ગુજરાતનો વિજયનગર તાલુકાનો ગ્રામીણ આદિવાસી પરિવેશ તેમની વાર્તાઓમાં છે. ત્યાંના ડુંગરી ગરાસિયાઓ અને અન્ય સમાજની ઉત્સવ ઉજવણીઓ-રીતરિવાજ-પરંપરાઓ-લોકબોલી જે તેમને નાનપણથી જ આત્મસાત હતા તે વાસ્તવ સાથે મથામણ કરી વાર્તારૂપે નીપજાવ્યા છે.

તેમની વાર્તાઓ 'સુરેશ જોશી સાહિત્ય વિચાર ફોરમ' વાર્તાશિબિરમાં વંચાયેલી. ત્યાંની તંદુરસ્ત ચર્ચાઓ પછી કયાંક અંશતઃ તો કયાંક આમૂલ ફેરફારો સાથે આ વાર્તાઓ પ્રગટ થઈ હતી. આ સંગ્રહની વાર્તાઓ 'ખેવના', 'તાદૃર્થ્ય', 'શબ્દસર', 'દલિતચેતના' 'વિ.વિદ્યાનગર', 'જલારામદીપ' જેવાં સામયિકોમાં પ્રકાશિત થયેલી છે.

વાર્તાસંગ્રહની પ્રથમ વાર્તામાં 'ઉજાસ' માં આદિવાસી ગ્રામીણ પરિવેશ રજૂ થયો છે.ગણપત સોઢા કહે છે [૨] -

" ગુજરાતી સાહિત્યમાં અત્યાર સુધી અદીઠ અને અજાણ્યો એવો ગરાસીયા આદિવાસી સમાજ પ્રભુદાસ પટેલની વાર્તાઓનું કેન્દ્રબિંદુ છે."

ધનિયા-સતુના સુખી પરિવારમાં લાડકો દીકરો અને ભાઈ લખમણ છે પણ.... એક દિવસ ગોરી ધનિયાને એની પત્ની અને લખમણ વચ્ચે આડાસંબંધની વાત કરે છે. આ વાત સાચી કે ખોટી એની મથામણમાં તે આત્મહત્યા કરવા તૈયાર થયો. ઊંચા પથ્થર પર ચઢી કૂદવા ગયો ત્યાં બાપાએ કહેલી બ્રહ્માજી-બ્રહ્માણીના માણસ ઘડવાની વાર્તા યાદ આવી અને ધનિયો પથ્થર ઉપરથી નીચે ઊતરી જાય છે.

ધનિયાની દિનચર્યા જુઓ [૩] -

"અમારે તો હવારે લાકડાં, દા'ડે ગોવાળું ને દન આથમે તે ગપાટાં. ને કોઈ આવી જાય તો માતાજીના નામે સાકરી.સેવા"

"એય...ને ત્રીસ-ચાલીસ બકરાં ! 'બેં..બેં..ના અવાજથી સીમ ગજાવતાં દોડ્ય જતાં હોય ને પાછળ 'એ

https://www.gapbhasha.org/

હિયાં....ને 'કુરટા'ના વિશિષ્ટ ડચકારા કરતો ધનિયા"

ત્યાંના લોકોના કાર્યો-લાકડા કાપવા, ગોવાળું કરવું વગેરે અહીં રજૂ થયા છે. વળી, અહીંના લોકો દોરા-ધાગા વગેરેમાં વિશેષ માનતા જણાય છે [૪] -

"ઘેર આવ્યો હોય ત્યારેય કો'ક તો રાહ જોતું બેઠું જ હોય. ધનાભાઈ મારે ઘેર ડાકલું ફૂટાવણું હે...ધના પૈ, મારે તો બળધ્યો બિમાર થેઈ ગ્યો, વાયરો નાંખી આલા' આવાં તો કૈંક દુઃખોનું નિવારણ ધનિયો દોરા-ધાગા, ઝાડા ઝપટા કે ડાહલું ફૂટીને કરતો હોય."

પરંપરાગત કામધંધો અહીં સ્પષ્ટ થાય છે [૫] -

"ખેતી કરવી, પશુપાલન અને જંગલની પેદાશો મેળવવી એમાંય લાકડું તો બારેમાસ ! આ જ કામધંધો તેના બાપુજી મનજીભગતથી ચાલ્યો આવતો."

ગ્રામીણ આદિવાસી લાકો ગીત પ્રિય છે. ધનિયો[૬] કહે છે - ગીત નિંઆવડે તો મનખો-હું કોંમનો ?

ધનિયો બકરાં ચારીને આવતા ગીત ગાય છે [૭] -

"ચ્યને કેવું બોલે પાબી (ભાભી) ફોરી રે, ફોરી નવરી વાજ્જે,

પાઈ (ભાઈ) મોટું હેં નોકરી પાબી , ફોરી રે છોરી નેવરી વાજ્જે"

નવરાત્રીનો ઉત્સવ પણ ધામધૂમથી ઉજવતાં જોવા મળે છે [૮] -

"એય ને નવરાતિયા (નવરાત્રી)નો છેલ્લો દા'ડો છે ને ગામ ગામમાં છોકરાં, જુવાનિયાં ને ઘરડા-બધાંય માતાજીના દેવરા પાસે ભેગાં થયા છે. મનજી ભગત માતાજીના દેવરાં સામે આંખ મીંચીને બેઠા છે ને ઘડી ઘડી માથું નમાવી ધ્યાન કરી રહ્યા છે તે સહું ડોળા ટીકી ટીકીને જોઈ રહ્યા છે.... ધીમે ધીમે બાપાનું માથું... ને પછી આખુંય શરીર ધ્રુજવા માંડ્યું છે... ને અહહે...અહહે... છોરાં અહહે આજી કાળકા અહહે..આજી મેલડી..ના પોકાર સાથે ઊભા થઈ ધૂણવા માંડે કે પૂંઠે બેઠેલા બીજાઓ પણ ઊભા થઈ અહે અહહે ... કરતાં ધૂણી પડ્યા છે. મનજી ભગતના એક હાથમાં મોરપિચ્છની સાવરણી, કેડે ખણખણતા ઘૂઘરાને જમણા હાથમાં સાંકળ. ધૂણતા-ઠેકતાને અહહે અહહે.. કરતા ભગત એક નવરાતિયાને સાંકળ આપે કે વારાફરતી બધાં નવરાતિયા સાંકળ લઈ ધૂણતાં ધૂણતાં ઠેકી ઠેકીને....અહહે આજી કાળકા...આજી જોગણી...એમ બોલતાં બે ત્રણ ફટકા પોતાની પીઠ પર ઠોકીને બીજોને ધરી દે છે."

નવરાત્રી અને એમાં ધૂણવાની મસ્તી જ નિરાળી જણાય છે. ધરતીમાતા પ્રત્યેની શ્રદ્ધા જુઓ [૯] - "બેટા હવ હવનો (સૌનો) ઈસાબ રાખવાવાળી ધરતીમાતા બેઠી હે, પછે તને હું ચંત્યા ? તું જીવ ટૂંકો નીં કર"

આ વાર્તામાં આદિવાસી ગ્રામીણ પ્રદેશના લોકોના વ્યવસાય-દિનચર્યા, ગીતપ્રેમ, ઉત્સવપ્રિયતા, બોલી વગેરેથી ગ્રામચેતનાનો ઉજાસ પથરાતો જણાય છે.આમ,પ્રભુદાસએ વાર્તા થકી તેમનો જ્યાં ઉછેર - ઘડતર થયું છે તેવા ઉત્તર ગુજરાત-વિજયનગર પંથકનું ધબકતું લોકજીવન-ગ્રામજીવન ઉજાગર કર્યું છે.

## પાદટીપ

૧. પટેલ,પ્રભુદાસ, 'વન્યરાગ ',પ્રથમ આવૃત્તિ,૨૦૧૪, પૃષ્ઠ-૫, અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન્સ.

૨. સોઢા,ગણપત,અનુઆધુનિક ગ્રામચેતાનાકેન્દ્રી વાર્તાઓ, પ્રથમ આવૃત્તિ,૨૦૧૯, પૃષ્ઠ-૧૦૪, અમદાવાદ : ડિવાઈન પબ્લિકેશન્સ.

3 પટેલ,પ્રભુદાસ, 'વન્યરાગ ',પ્રથમ આવૃત્તિ,૨૦૧૪, પૃષ્ઠ-૨૯, અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન્સ

૪. એજન (પૃ.૨૮)

૫. એજન (પૃષ્ઠ-૩૧)

૬. એજન (પૃષ્ઠ-૨૮-૨૯)

૭. એજન (પૃષ્ઠ-૨૮)

૮. એજન (પૃષ્ઠ-૩૨-૩૩)

https://www.gapbhasha.org/

૯. એજન (પૃષ્ઠ-૩૧)

## સંદર્ભ પુસ્તકો

[1] આશર,બિપિન, ટૂંકી વાર્તા:અભ્યાસ અને આસ્વાદ, પ્રથમ આવૃત્તિ,૨૦૧૨
[2] કોઠારી,જયંત,ભાષા પરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ,પાંચમી આવૃત્તિ,૧૯૯૪
[3] કોઠારી,જયંત,સં.ટૂંકી વાર્તા અને ગુજરાતી ટૂંકીવાર્તા

https://www.gapbhasha.org/